GACK/2023/ભૂ.વિદ્યાર્થી-સ્ટાફ મી(ટિં)ગ અહેવાલ/114

ભૂતપૂર્વ વિદ્યાર્થી-સ્ટાફ મિટીંગ તા. 24/04/2023

Govt. Arts College-Ka... Dist. Valsad

તા. 24/04/2023ના રોજ સવારે 10:30 કલાકે આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેસાઈ સાહેબની અધ્યક્ષતામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સ્ટાફ સાથેની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. બેઠકમાં કોલેજના સ્ટાફ મિત્રો પણ હાજર રહેલ. બેઠકની શરૂઆતમાં આચાર્યશ્રી દ્વારા તમામ સભ્યોને આવકાર્યા બાદ, કોલેજમાં ચાલતી વિવિધ શૈક્ષણિક અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ, કોલેજમાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ વિશે ચર્ચા કરવામાં આવી. સમગ્ર બેઠકનો અહેવાલ આ મુજબ છે:

કોલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે તે હેતુથી અત્રેની સંસ્થા દ્વારા છેલ્લા બે-ત્રણ વર્ષોથી કપરાડા તાલુકાની વિવિધ હાઈસ્કૂલોની મુલાકાત લઈ, ધોરણ-12 માં વિદ્યાર્થીઓને અત્રેની સંસ્થાની સિદ્ધિઓ, વિવિધ શૈક્ષણિક અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરી સરકારી વિનયન કોલેજ, કપરાડામાં ધો. 12 પાસ કર્યા બાદ પ્રવેશ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક વર્ષ 2022-23 થી કોલેજમાં અંગ્રેજી મુખ્ય વિષય શરૂ કરવામાં આવેલ છે. હાલ F.Y.B.A. માં કુલ 10 વિદ્યાર્થીઓ અંગ્રેજી મુખ્ય વિષય સાથે અભ્યાસ કરી રહ્યા છે. આશા છે કે ભવિષ્યમાં અંગ્રેજી, મુખ્ય વિષય તરીકે વધારે વિદ્યાર્થીઓ પસંદ કરશે.

શૈક્ષણિક વર્ષ 2022-23 માં અત્રેની સંસ્થાએ 'એસ્ટોલ યોજનાથી' કોલેજથી આશરે 500 મીટર દૂર આવેલ પાણીની ટાંકીથી - કોલેજ ભૂગર્ભ ટાંકી સુધી પાઈપ લાઈન દ્વારા પાણી લાવવામાં અદ્ભૂત સિદ્ધિ હાંસલ કરેલ છે. હાલ કોલેજમાં 'એસ્ટોલ યોજના' સહિત ત્રણ સ્રોતોથી પાણી નિયમિત આવે છે, જે અંગે સમસ્ત કોલેજ પરિવાર આનંદની લાગણી અનુભવે છે.

કેસીજી અમદાવાદ તરફથી ચાલુ શૈક્ષણિક વર્ષમાં અત્રેની સંસ્થાને 01 ઝેરોક્ષ મશીન, 01 સ્માર્ટ ક્લાસ, 01 ઈનોવેશન ક્લબ કબાટ મેળવેલ છે. સ્માર્ટ ક્લાસના ઉપયોગથી વિદ્યાર્થીઓ અદ્યતન માહિતી મેળવી શકે છે.

Scanned with CamScanner

ઉપરાંત કે.સી.જી. અમદાવાદ તરફથી 'ઈનોવેશન ક્લબ'
માટે ફાળવેલ ગ્રાન્ટ રૂ. 52000/- માંથી સંપૂર્ણ રકમનો
વપરાશ કરી 1 ટીક વુડ ટેબલ અને 06 સ્ટૂલનો ઓર્ડર
આપવામાં આવેલ છે.

CWDC કન્વિનર ડૉ. મેઘના કે. દારકો વિદ્યાર્થી
બહેનોની ખાસ કાળજી લે છે. EOC અંતર્ગત કોલેજનાં
અભ્યાસરત SC/ST/OBC તમામ કેટેગરીના વિદ્યાર્થીઓને
સમાન અને યોગ્ય તક મળે એ માટે EOC કન્વિનર
ડૉ. પી.બી. કુરકુટિયા સાહેબ પ્રયત્નશીલ હોય છે.

તા. 8/02/2023 થી તા. 11/02/2023 દરમિયાન
કોલેજ ખાતેથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં
આવ્યું હતુ. જેમાં વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્થળો જેવા કે
અજંતા-ઈલોરા, દોલતાબાદ, ઘૃષ્ણેશ્વરની મુલાકાત કરાવાયી.
જે વિદ્યાર્થીઓ પ્રવાસમાં જઈ શક્યા ન હતા તેમને પ્રા. ડી.
વી. પટેલ સાહેબે કોલેજમાં 'પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન' નાં
માધ્યમથી પ્રવાસ સ્થળોના ફોટાઓ બતાવી જીવંત
અનુભવ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

તા. 17/3/2023 ના રોજ ડિગ્રી ઈજનેરી
કોલેજ, વલસાડ ખાતે આયોજીત 'મેગા પ્લેસમેન્ટ ફેર'
માં અત્રેની સંસ્થાના 27 વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ
લીધેલ. જે પૈકી 08 વિદ્યાર્થીઓનું સીલેકશન થયેલ છે.
શૈક્ષણિક વર્ષ 2022-23 માં 'પુસ્તકાલય' માટે મળેલ
30,000/- રૂ. ગ્રાન્ટ માંથી 26368 રૂ./- નાં નવા
પુસ્તકો ખરીદેલ છે.

તા. 26/12/2022 ના રોજ N.S.S. કેમ્પમાં
કેમ્પસ એમ્બેસેડર નિકુળીયા સંતોષભાઈ રમેશ, આદિ
ચુંચાનાગીરી યુનિવર્સિટી, બેલુર, કર્ણાટક ખાતે ગયેલ.
તેમજ 25/01/2023 ના રોજ વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી
દ્વારા 'બેસ્ટ કેમ્પસ એમ્બેસેડર' તરીકે સન્માનિત
કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય
તે માટે 'સપ્તધારા', 'ઉદિશા/પ્લેસમેન્ટ', 'G3Quize',
'આઝાદી કા અમૃત મહોત્સવ', 'G20-
'પંચપ્રકલ્પ', 'ફિનિશિંગ સ્કૂલ', 'સ્કોપ' જેવી વિવિધ સમિતિ/
પ્રવૃત્તિઓ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ/ કાર્યક્રમો કરવામાં
આવેલ. 'G3 Quize', તેમજ સપ્તધારા કો-ઓર્ડિનેટર
ઉદિશા/પ્લેસમેન્ટ, પંચપ્રકલ્પ કો-ઓર્ડિનેટર
શ્રી. ડી.વી. પટેલ,

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Scanned with CamScanner

Govt. Arts College ... Dist. Valsad

એસ. એન. ટંડેલ, તેમજ આઝાદીકા અમૃત મહોત્સવ કો-ઓર્ડિનેટર શ્રી વી. આર. વસાવા, ફિનિશિંગ સ્કુલ, SCOPE કો-ઓર્ડિનેટર શ્રી કે. એ. પટેલ, આચાર્યશ્રી તેમજ અન્ય તમામ અધ્યાપકશ્રીઓના સંપર્કમાં રહી, સૌની મદદથી નોંધપાત્ર કામગીરી કરેલ.

સિનિયર ક્લાર્ક શ્રી વી. બી. જાદવ વિદ્યાર્થીલક્ષી વહીવટી, અન્ય તમામ પ્રકારની કામગીરી નિષ્ઠાપૂર્વક કરેલ છે. આ ઉપરાંત પરીક્ષા સમિતિ અને અન્ય તમામ સમિતિઓમાં શ્રેષ્ઠ કામગીરી થયેલ છે. કોલેજ રિનોવેશન, રમત-ગમત મેદાનની કામગીરી નજીકનાં ભવિષ્યમાં પૂર્ણ થાય તે માટે સંસ્થા વચનબદ્ધ છે, અને યોગ્ય દિશા તરફ પ્રગતિશીલ છે. PTI શ્રી એસ. એન. ટંડેલ સાહેબે વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનું આયોજન કરેલ.

N.S.S. પ્રોગ્રામ ઓફિસર શ્રી. એ. સી. ગામીત સાહેબે અનેક સફાઈ કાર્યક્રમો, સ્વીપ સબંધિત કામગીરી, N.S.S. ખાસ વાર્ષિક કેમ્પનું તા. 13/02/23 થી 19/02/2023 સુધી દહીખેડ મુકામે આયોજન કરેલ.

આચાર્યશ્રીએ દરેક ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આશ્વાસન આપેલ કે કોલેજમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોની ખાસ કાળજી લઈ શિક્ષણ તેમજ શિક્ષણેત્તર પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર પ્રગતિ થશે. અંતે સર્વ ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો, સ્ટાફગણનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ જાહેર કરેલ.

<u>વિશેષનોંધ</u>: આચાર્યશ્રીએ સ્ટાફ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે Institute Development Plan (IDP) વિશે, વિશેષમાં રમત-ગમત મેદાનની ઉબડ-ખાબડ જમીનને સમતલ, અધૂરી દિવાલનું કાર્ય પૂર્ણ કરવું જેની કિંમત આશરે 40 લાખ તેમજ 4 નવા વર્ગખંડોની કિંમત આશરે 4 કરોડ અને કમ્પ્યૂટર લેબની કિંમત આશરે 35 લાખ છે. જે અંગેની ચર્ચા કરેલ.

કિરણભાઈ ભોયા દ્વારા પૂછાયેલ પ્રશ્ન વિદ્યાર્થીઓના, અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓના સંદર્ભમાં આચાર્યશ્રીએ યોગ્ય જવાબ આપેલ. વધુમાં જણાવેલ કે, આચાર્યશ્રી પોતે ભણાવતા અને ખૂબજ મહેનત પણ કરેલ છે, 'મેકબેથ' ની ફિલ્મ પણ બતાવેલ છે. વિશેષમાં આચાર્યશ્રીએ ભારપૂર્વક જણાવેલ કે, તમે મારા ઉપર નજર રાખી શકો છો. અને સર્વેને અપીલ કરી કે વિદ્યાર્થીઓને બહાદુર બનાવવા અને પ્રગતિશીલ બનાવવા.

Scanned with CamScanner

# Alumni Association
## Academic Year 2022-23

| Sr. No | Position | Name | Mo. Number | Sign |
|---|---|---|---|---|
| 1 | President | Dr. Digmbarsingh Dewal | 9408355631 | [signature] |
| 2 | Vice President | Prof. Dipakkumar V. Patel | 9574071020 | [signature] |
| 3 | Secretary | Mr. Ramanbhai P. Dalvi | 9978196302 | [signature] |
| 4 | Joint Secretary | Mr. Prasudbhai A. Fauda | 9586440080 | [signature] |
| 5. | Member | Mr. Kantibhai R. Bhoya | 9537035856 | Bhoya |
| 6. | Member | Mr. Kiranbhai S. Bhoya | 9723387174 | [signature] |
| 7. | Member | Mr. Jayeshbhai K. Gayakvad | 8155027728 | [signature] |
| 8 | Member | Mrs. Rashilaben S. Ganvit | 9726583381 | Gamvit RS |
| 9. | Member | Ms. Rasilaben K. Radiya | 8238871061 | Radiya |

1. Dr. Prafull B. Koskatiya — [signature]
2. Mr. Manoj P. Patel — [signature]
3. Kinnari A. Patel — K A Patel
4. Sandip N. Tandel — [signature]
5. Vimal B Jadav — [signature]

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

[signature]
Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.

Scanned with CamScanner